# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

મંડળ દ્વારા નશાબંધી અને આબકારી ખાતાના નિરીક્ષક વર્ગ-૩ સંવર્ગની સીધી ભરતી માટેની પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરાત ક્રમાંક ૧૪૫/૨૦૧૭૧૮ ની ભાગ-૧ની પ્રિલીમીનરી એક્ઝામીનેશન (સ્ક્રીનીંગ ટેસ્ટ - ઓબ્જેકટીવ ટાઇપ) સ્પર્ધાત્મક લેખિત કસોટી તા.૨૮/૦૭/૨૦૧૯ ના રોજ યોજવામાં આવેલ હતી. ઉક્ત સ્પર્ધાત્મક લેખિત કસોટીને અંતે જે તે કેટેગરીમાં ભરવાની થતી જગાઓના પાંચ ગણા ઉમેદવારોને મેરીટના ધોરણે બીજા તબક્કાની ફીઝીકલ ટેસ્ટ માટે લાયક(ક્વોલીફાય) ગણવામાં આવેલ છે, તેવા ઉમેદવારોની યાદી

પ્રિલીમીનરી એક્ઝામીનેશન **(Screening - Test Objective Type)** ભાગ-૧ માં ઉપસ્થિત રહેલ તમામ ઉમેદવારોની **O.M.R. Sheet** ની ઈમેઝ તથા ગુણપત્રક મંડળની https://gsssbresult.in વેબસાઈટ પર મૂકવામાં આવેલ છે. સંબંધિત ઉમેદવારો OMR Sheet ની ઇમેઝ તથા ગુણપત્રક ઉકત વેબસાઇટ પરથી ડાઉનલોડ કરી શકશે. આ અંગે દરેક સંબંધિત ઉમેદવારે પોતાનો કન્ફર્મેશન નંબર તથા જન્મ તારીખ નાખવાના રહશે જેની નોંધ લેવી. પ્રીલીમનરી એકઝામીનેશન (Screening Test Objective Type) (ભાગ-૧)ની પરીક્ષામાં રીચેકીંગ કરાવવા ઈચ્છતા ઉમેદવારોએ રૂ.૧૦૦/-નો સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના નામના પોસ્ટલ ઓર્ડર સાથે અરજી તા.૨૫/૧૧/૨૦૧૯ સુધીમાં મોકલી આપવાની રહેશે. અરજીમાં ઉમેદવારે નામ તથા બેઠક નંબર અવશ્ય જણાવવાના રહેશે.

જા.ક્ર.:૧૪૫/૨૦૧૭૧૮ નિરીક્ષક વર્ગ-૩ સંવર્ગ (ભાગ-૨) શારિરીક કસોટી (Physical test) નુ આયોજન સંભવત: તા.30/૧૧/૨૦૧૯ ના રોજ ગુજરાત વિદ્યાપીઠ વિજ્ઞાન વિદ્યાશાખા, સાદરા, તા.જી. ગાંધીનગર ખાતે યોજાનાર છે. તે માટે સમય તથા કોલલેટર ડાઉનલોડ કરવા માટેનો વિગતવાર કાર્યક્રમ હવે પછી મંડળની ઉપર જણાવેલ વેબસાઈટ પર મૂકવામાં આવશે. જેની સંબંધીત ઉમેદવારોએ જરૂરી નોંધ લેવા તેમજ મંડળની વેબસાઈટ જોતા રહેવા આથી જણાવવામાં આવે છે.

સ્થળ:- ગાંધીનગર

તા. ૨૫/૧૦/૨૦૧૯

સચિવ
ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ
ગાંધીનગર